# ગુજરાતી સાહિત્યને સમર્પિત યુવાન...

આટલા બધા ભણવાના પુસ્તકો હોય ત્યાં વળી ગુજરાતી પુસ્તકો કોણ વાંચે ? આજે સમાચાર ચેનલો, ફિલ્મો, ક્રિકેટ અને ઈન્ટરનેટ પર જ્યાં થોકડાબંધ માહિતી અને મનોરંજન હોય ત્યાં ગુજરાતી સાહિત્ય કોણ વાંચે ? ટૂંકમાં ગુજરાતી સાહિત્ય હાંસિયામાં ધકેલાતું જાય છે પણ વડોદરાનો એક યુવાન છે જેણે ગુજરાતી સાહિત્યને ટોચ પર લાવવા બીડું ઝડપ્યું છે. નામ છે એનું મૃગેશ શાહ. ઉંમર ૨૭ વર્ષ, અભ્યાસ : બેચલર ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન. વડોદરામાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે ફરજ બજાવનાર આ યુવાનને પહેલેથી જ ગુજરાતી સાહિત્ય પ્રત્યે અનહદ લગાવ છે. એક શૈક્ષણિક કાર્યક્રમમાં ગુજરાતી ભાષાની હાંસી ઉડાવાતાં આ યુવાનના હૈયામાં એટલો મોટો આઘાત લાગ્યો કે આપણા ગુજરાતી સાહિત્ય વિશે આજના યુવાનોમાં આવો અભિપ્રાય છે. ઘણા મનોમંથનને અંતે તેણે નક્કી કર્યું કે ગમે તે થાય હું આ દિશામાં મારાથી બનતાં પ્રયત્નો જરૂર કરીશ અને સર્જન થયું એક ગુજરાતી સાહિત્યિક વેબસાઈટ www.readgujarati.comનું. આ વેબસાઈટની વિશિષ્ટતા એ છે કે, તેમાં દરેક વર્ગની પસંદગીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને આ વેબસાઈટ સંપૂર્ણપણે ગુજરાતીમાં છે. વેબસાઈટના હોમપેજ પર સુવિચાર, સાહિત્યિક સમાચાર, ગઝલ–કવિતા, ચિંતનાત્મક લેખો, નિબંધ, ગુજરાતી ભાષામાં સર્ચ કરી શકે એવું સર્ચ એન્જિન અને દરેક નવોદિત માટે પોતાનો લેખ મૂકવાનું એક ઉત્તમ પ્લેટફોર્મ જેના વાચકો છે દુનિયાભરના તમામ ગુજરાતીઓ. અત્યાર સુધી આ વેબસાઈટને બેતાલીસ હજારથી વધુ વાચકોએ વિઝિટ કરી છે. રોજના લગભગ ચારસો નવી વ્યક્તિ તેને વિઝિટ કરે છે. ઓસ્ટ્રેલિયા, યુએસએ, યુકે, ઓમાન, દુબઈ સહિત જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં આ સાઈટ જોવાય છે એ જ આ મહત્વાકાંક્ષી યુવકની સફળતા છે. આ સફળતા માટેનો ખર્ચ પણ એણે પોતાના ખિસ્સામાંથી કર્યો છે જોકે મૃગેશ માટે તો તમામ ગુજરાતીઓ ગર્વથી ગુજરાતી વાંચે એ જ તેનું સપનું છે.